**આશ્રમશાળાઓને કેપીટેશન ફી લેવા પ્રતિબંધ મૂકવા બાબત.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ,
**ઠરાવ ક્રમાંક:** TDD/FDD/e-file/25/2024/0471/GH
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણમાં લીધા:**

(૧) "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૧૩(૧) અને કલમ-૩૮

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તા.૧૬/૦૫/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: આવિ/આશા/ફા.નં. ૩૦૬૦/૨૦૨૪/૩૨૬૬

**આમુખ:-**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૧૩(૧) માં નીચે મુજબની જોગવાઇ છે.

"કોઇપણ શાળા અથવા વ્યકિત શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઇપણ પ્રકારની Capitation Fee વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતા-પિતા/વાલીને તપાસ કે ઇન્ટરવ્યુમાંથી પસાર કરશે નહિ."

આ કલમની જોગવાઇઓનો ઠરાવ કરી તેનો અમલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

ભારત સરકાર દ્વારા આમુખ (૧) માં દર્શાવવામાં આવેલ "The Right of Children to free and Compulsory Education Act 2009" ની કલમ-૧૩(૧)ની જોગવાઇમાંથી મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) તમામ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે ત્યારે પ્રવેશ વખતે કોઇપણ પ્રકારની કેપીટેશન ફી/સીક્યોરીટી ડીપોઝીટ, કોઇપણ પ્રકારનું દાન, શાળા દ્વારા અધિસૂચિત કરવામાં આવેલ ફી સિવાયની ફી કે રકમ વિદ્યાર્થી કે તેના વાલીપાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લઇ શકાશે નહિ.

(૨) આ ઠરાવની શરત નં. ૧ માં દર્શાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કોઇપણ શાળા દ્વારા કરાતું સાબિત થશે તો તેમને તેમણે જેટલી કેપીટેશન ફી પ્રવેશ વખતે લીધાનું જણાશે તેનાથી (૧૦) દશ ઘણો દંડ સક્ષમ અધિકારી દ્વારા કરવામાં આવશે.

(3) આ ઠરાવનો અમલ તમામ આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

(૪) રાજ્યની તમામ આશ્રમશાળાઓ દ્વારા તેમના કાર્યક્ષેત્રમાં ઉપર્યુક્ત જોગવાઇઓનું ચુસ્તપણ પાલન કરવાનું રહેશે.

આ ઠરાવનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રવેશથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

**(પી.એમ.પટેલ)**
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:06:03 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૭, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આશ્રમશાળા)-(કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઇટ પર ઓનલાઇન મુકવવાની વ્યવસ્થા કરવા સારુ
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:06:03 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign